ગાંધીનગર સમાચાર

તા. ૭-૮-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

# લાલ લાઇટ સામે સુપ્રીમની લાલ આંખ

મૂળે સરકારને એની કામગીરીમાં સુવિધા રહે એવા શુભ આશયથી કેટલાક અધિકારીઓ અને પદાધિકારીઓનાં વાહનો પર લાલ લાઈટ અને સાયરનની વ્યવસ્થા રાખવાનો નિર્ણય કરાયો હશે, પરંતુ દરેક બાબતની છૂટછાટની જેમ આ વિશેષ પ્રકારની છૂટછાટનો પણ આપણા દેશમાં બેફામ દુરુપયોગ થવા લાગ્યો છે, તેની નોંધ સુપ્રીમ કોર્ટને પણ લેવી પડી છે. લાલ લાઈટવાળી ગાડીએ આજકાલ નેતાઓ અને અધિકારીઓ માટે મોભાનું પ્રતીક બની ગયેલ છે. એટલે નિયમોમાં બાંધછોડ કરીને મોટાભાગના નેતાઓ એમનાં વાહનો પર આ ભડકામણું છોગું ચીપકાવીને જ ફરતી જોવા મળે છે. લાલ લાઈટનો મૂળ આશય ઉચ્ચકક્ષાના સરકારી 'વીઆઈપી'ને સામાન્ય નાગરિકો અને સરકારી કર્મચારીઓ કે નીચલા થરના અધિકારીઓથી જુદા તારવી એમને વિશેષ સગવડ અને સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો હતો. પ્રવાસમાં આવી અતિ મહત્વપૂર્ણ વ્યક્તિ અટવાઈ ન પડે, એનો મહામૂલો વખત ખોટી રીતે વેડફાઈ ન જાય એ માટે આપવામાં આવતી આ સુવિધા છેલ્લાં કેટલાંક વર્ષોથી ભાજીમૂળાની જેમ વપરાતી થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશના નાગરિક દ્વારા આ મુદ્દે દાદ માગવામાં આવતાં સુપ્રીમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ- જસ્ટિસ જી.એસ. સિંઘવી અને જસ્ટિસ વી. ગોપાલ ગોવડાની બેન્ચે કરેલાં નિરીક્ષણો આપણા વહીવટીતંત્ર માટે આકરા ઠપકા સમાં છે અને પ્રજાને આવા કહેવાતા મોભાદાર લોકોને કારણે કેવી વિમાસણ તથા મુશ્કેલીમાં મુકાવું પડતું હોય છે એનું તાદૃશ ચિત્ર રજૂ કરે છે. અદાલતે સ્વીકાર્યું છે કે આ સુવિધાનો છડેચોક દુરુપયોગ થતો રહે છે, જે સત્વરે અટકાવવો જોઈએ કારણ કે મોભાનાં પ્રતીક ગણાતાં આ બિનજરૂરી લટકણિયાંથી કોઈ ખાસ હેતુ સરતો નથી, ઊલટાનાં એ પ્રજાજનોમાં ખોટો ભય ફેલાવે છે. સુપ્રીમ કોર્ટે આ વિશેષ વ્યવસ્થાનો દુરુપયોગ કોઈપણ ભોગે નાથવાની જરૂર હોવાનું ભારપૂર્વક જણાવતાં ઉમેર્યું છે કે એનો દુરુપયોગ કરનારા પર દાખલો બેસે એવો આકરો દંડ લાદવો જોઈએ. કેન્દ્ર સરકારે આ વ્યવસ્થાનો મર્યાદિત ઉપયોગ થાય એ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડવી જોઈએ અને એનો ઉપયોગ ફક્ત બંધારણીય હોદ્દાઓ ધરાવતી વિશેષ વ્યક્તિઓ પૂરતો જ થાય એની ખાતરી રાખવી જોઈએ. કોર્ટે કેન્દ્ર અને રાજય સરકારોને નોટિસ પાઠવીને આ સગવડ મેળવતા વીઆઈપીઓની યાદી મંગાવી છે. અદાલતે એથી આઘળ વધીને નોંધ્યું છે કે વીઆઈપીની સલામતી માટે ગોઠવવામાં આવતા પોલીસ કર્મચારીઓને રસ્તાઓ પર મહિલાઓની સલામતી જેવા ઉમદા કામમાં રોકવામાં તહેનાત કરાય તે વધારે યોગ્ય ગણાશે. ભારે સુરક્ષા વ્યવસ્થા સાથે સાયરન વગાડતી લાલ લાઈટોવાળી ગાડીઓનો કાફલો જોઈ દેશના નાગરિકોમાં ભયની લાગણી ફેલાતી હોય છે, એટલું જ નહીં બલકે એવા નેતાઓ જાણે પ્રજાના પ્રતિનિધિઓ ન હોય પણ જૂની રાજાશાહી કે બ્રિટિશ હકૂમતના હાકેમો હોય એવી સૂગ પેદા થતી હોય છે. ગુજરાતનાં પ્રજાજનો આવા શાહી કાફલાઓ જોઈ જોઈને રાજકારણીઓ પ્રત્યે નફરત કરતાં થઈ ગયાં છે એમ દેશનાં અન્ય રાજ્યોમાં અને પાટનગર દિલ્હીમાં પણ આ વીઆઈપી નામની બલા પ્રત્યે બધા સખત નફરત અનુભવતાં હોવા છતાં કોની મગદૂર હતી કે એમની વિરુદ્ધ હરફ સરખો ઉચ્ચારે? આપણા નેતાઓ તો આવી સુવિધાઓ મેળવવા ઘાંઘા થઈને ફરતા હોય છે. એમને સાદી ગાડીમાં અને સુરક્ષા ગાર્ડ વગર ફરવામાં નાનમ લાગતી હોય છે. વચ્ચે ગુજરાત હાઈકોર્ટે પણ મુખ્યમંત્રીના કાફલા માટે કલાકો લગી રસ્તાઓ બંધ કરાતા હોવાની અરજી અન્વયે કડક આદેશો આપ્યા હતા. રસ્તાઓ પર બે-ત્રણ કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી ગઈ હોય, કયારેક તો જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા દર્દીને હોસ્પિટલે પહોંચાડવા માટેની એમ્બ્યુલન્સ પણ એ કાફલામાં અટવાઈ પડી હોય છતાં ખાખી વરદીવાળી પોલીસ ટ્રાફિક અટકાવીને ઊભી હોય છે. એને તો ઉપરથી મળેલા આદેશને વળગી રહેવાનું હોય છે. 'સાહેબ'નો કાફલો પસાર થઈ જાય તે પછી જ એ આમજનતાને આગળ વધવા દેશે, પછી ભલેને એથી કોઈ સુવાવડી સ્ત્રીને વાહનમાં જ પ્રસૂતિ થઈ જાય કે હાર્ટ એટેકવાળો કેસ એમ્બ્યુલન્સમાં જ અંતિમ શ્વાસ લે. આવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટની આ મુદ્દે કરાયેલ તાકીદ ખૂબ જ અગત્યની બની રહેશે.

# ધ લાઈટ-સ્વામી વિવેકાનંદ : આમ જનમાંથી વિશ્વ વિભૂતિ બનતા સ્વામી વિવેકાનંદજીની અનોખી ફિલ્મ

ગાંધીનગર, તા. ૬

વર્ષ-૨૦૧૩ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિનું વર્ષ છે. આ પ્રસંગે આ મહાસાધુને બિરદાવવા 'ધ લાઈટ-સ્વામી વિવેકાનંદ'નું નિર્માણ કરાયુંછે. તેમાં સ્વામી વિવેકાનંદના સમય અને જીવનને આવરી લેવાયો છે અને એમની આધ્યાત્મિક વાતો વણી લેવાઈ છે. આ ફિલ્મ તેમના જીવનના વિવિધ તબક્કાઓને આવરી લઈ નબળું મન ધરાવતો એક યુવાન નરેન્દ્ર દત્તા વિશ્વ પ્રસિદ્ધ સાધુ સ્વામી વિવેકાનંદમાં કઈ



રીતે રૂપાંતર પામે છે તે દર્શાવવા પ્રયાસ કરાયો છે. ભારતીય ચિંતનને પશ્ચિમના વિશ્વ સમક્ષ રજૂ કરવામાં સ્વામી વિવેકાનંદનું મહત્વનું યોગદાન હતું. આ ફિલ્મનું પ્રથમ ટ્રેલર બુધવાર, તા. ૩૧ જુલાઈના રોજ વિવિધ ઈન્ટરનેટ સાઈટ્સ અને ટેલિવિઝન ચેનલો ઉપર રજૂ કરાયુંહતું. દેશભરના દર્શકોએ તેને ખૂબ સુંદર પ્રતિભાવ આપ્યો છે.

ફિલ્મના નિર્માતા જણાવે છે કે 'સ્વામી વિવેકાનંદ ઘણાં લોકો માટે પ્રેરણામૂર્તિ છે. હું પણ બાળપણથી સ્વામીજી અને તેમના ચિંતનમાં દઢપણે માનું છું. આ માન્યતાએ જ મને આ સંતના જીવન ઉપર આધારિત ફિલ્મનું નિર્માણ કરવા માટે પ્રેર્યો.'

આ ફિલ્મમાં દીપ ભટ્ટાચાર્ય સ્વામી વિવેકાનંદની મુખ્ય ભૂમિકા ભજવે છે. આ જીવન ચરિત્ર આધારિત ફિલ્મથી તેમણે આ ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. ભારતમાંથી ઘણા ચહેરાઓનું ઓડીશનીંગ કરાયા પછી તેમને પસંદ કરવામાં આવ્યા હતા.

સ્વામી વિવેકાનંદ માટે યોગ્ય ચહેરો મળ્યા પછી, નિર્માતા કહે છે કે તમે જ્યારે કોઈ જીવનકથા ઉપરથી ફિલ્મ તૈયાર કરતા હોવ ત્યારે સૌથી મોટો પડકાર આ મહાન વ્યક્તિત્વને રજૂ કરે તેવો ચહેરો પસંદ કરવાનો રહે છે. તેમને અગાઉ રંગમંચ ઉપર કામ કર્યાનો અનુભવ હતો અને તેમણે આ પાત્રને યોગ્ય બનવા માટે ઘણી તાલિમ લીધી છે. હું સાચે જ કહીશ કે, તેમણે મને સારો પર્ફોર્મન્સ આપવાની બાબતે કોઈપણ પ્રકારે નિરાશ નથી કર્યો.

આ ફિલ્મનું સંગીત ડૉ. હરિચરણ વર્માએ આપ્યું છે. તેમણે વાલ્મિકી, તુલસીદાસ, સુરદાસ અને રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યોનો ઉપયોગ કર્યો છે. આ ગીતો સુરેશ વાડકર, કવિતા કૃષ્ણમૂર્તિ અને જાવેદઅલી તેમજ અન્ય ગાયકોએ ગાયા છે.

ટ્રાયકલર પ્રોડક્શન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રજૂ થયેલી આ ફિલ્મ 'ધ લાઈટ-સ્વામી વિવેકાનંદ' તા. ૨૩ ઓગષ્ટના રોજ ભારતમાં રજૂ થવાની છે.

આ ફિલ્મમાં સ્વામી વિવેકાનંદના જીવનની વિવિધ રસપ્રદ ઘટનાઓને આવરી લેવામાં આવી છે. ફિલ્મ એક યુવાન રવીન્દ્રનાથ દત્તામાંથી વિશ્વને બોધ આપનાર સ્વામી વિવેકાનંદમાં રૂપાંતરની કથા છે. બાળપણથી શરૂ કરીને તેમના જીવનના વિવિધ પ્રસંગો દક્ષિણેશ્વરમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસ સાથે મિલન, વિવેકાનંદનો ઉત્તર ભારતનો પ્રવાસ, અમેરિકા અને યુરોપનો પ્રવાસ, સિસ્ટર નિવેદિતા સાથે મુલાકાત તથા ભારતમાં રહીને તેમણે કરેલા કામોને આવરી લેવાયા છે. આ રીતે નરેન્દ્રનાથમાંથી વિવેકાનંદ બનવાની મજલ દર્શાવવામાં આવી છે.

પાત્રો : ● સ્વામી વિવેકાનંદ તરીકે દીપ ભટ્ટાચાર્ય ● શારદાદેવી તરીકે ગાર્ગી રાય ચૌધરી ● રામકૃષ્ણ તરીકે પ્રેમાંકુર ચટ્ટોપાધ્યાય ● સિસ્ટર નિવેદિતા તરીકે કર્ટની સ્ટીફન્સ ● વિશ્વનાથ દત્તા (સ્વામી વિવેકાનંદના પિતા) તરીકે વિશ્વજીત ચક્રબર્તી ● ભુવનેશ્વરી દેવી (વિવેકાનંદની માતા) તરીકે પિયાલી મિત્રા ● મોઈનાબાઈ તરીકે અર્ચિતા સાહુ ● સાયક ચક્રબર્તી (બાઈલ) ● દિગ્દર્શન : ઉત્પલ (ટુટુ) સિંહા ● સ્ક્રીન પ્લે : જે મિશ્રા, અશોક રંજન ચક્રબર્તી ● સંગીત : ડૉ. હરિચરણ વર્મા ● સિનેમેટોગ્રાફી : ઉત્પલ (ટુટુ) સિંહા ● એડીટીંગ : સંજીબ દત્તા ● સ્ટુડિયો : ટ્રાય કલર પ્રોડક્શન પ્રાઈવેટ લિમિટેડ




## જેસીઆઈ દ્વારા ગુરુકુળ ખાતે ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો

જેસીઆઈ ગાંધીનગરના ઉપક્રમે ગુરુકુળ, સેક્ટર-૨૩ ખાતે ધોરણ-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો જેમાં કુલ ૪૫૭ વિદ્યાર્થીઓના દાંતોનું પરીક્ષણ જે.સી.ના ડૉ. અપૂર્વા રાવલ અને ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓને વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા દાંતોની સ્વચ્છતા જાળવવા કઈ કાળજી લેવી જોઈએ તે વિષય પર ડોક્ટર દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રમુખ જેસી કેતન નિર્મલે, જેસી પ્રેરક વસાવડાના સહયોગથી કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ ચેરમેન જેસી ડૉ. અપૂર્વા રાવલે સહયોગ બદલ સ્મીત, વિશાલ વર્મા, દિવ્યા ગોહિલ, નિકુલ શુકલ, વિરલ શાહ, સાત્વિક ત્રિવેદી, ડૉ. પરાગી ગાંધી, અંકિત જૈન, અને વિનેશ ચૌહાણનો આભાર માન્યો હતો. પ્રમુખ જેસી કેતન, નિર્મલ શાળાના આચાર્ય ઉમંગ વસાણી અને ડૉ. અંકુર પરમારનો વિશેષ સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



## ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરમાં માતૃ સંમિલન યોજાયું

ગાંધીનગરના સેકટર-૨૦માં સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં તાજેતરમાં માતૃ સંમેલન યોજાયું હતું. માતૃ સંમિલનમાં ૧૩૦ જેટલી પ્રતિષ્ઠિત બહેનો હાજર રહી હતી અને બાળગીત, અભિનય ગીત, આર્ટ એન્ડ ક્રાફટ, વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિઓ નિહાળી હતી. સર્વ ધર્મ પ્રાર્થનાથી કાર્યક્રમની શરુઆત થઈ હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના સલાહકાર જયોતિબહેન થાનકીએ બાળકોને યુનિવર્સિટીમાં શરુ થનાર વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવા ઉપસ્થિત માતાઓને ખુબ સુંદર અને અસરકારક ઉદબોધન કર્યું હતું. મહેમાનો સમક્ષ આર્ટ એન્ડ ક્રાફટની પ્રવૃત્તિનું નિદર્શન, બાળગીત, અભિનય ગીત તેમજ ડૉ. મેઘાબહેન શાહે વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિઓ રજૂ કરી હતી. કુલપતિ હર્ષદભાઈ શાહે બાળકોની પ્રવૃત્તિઓ રમત ગમત, સંગીત, યોગ, સંસ્કૃત-સંભાષણ, પરિવારની પાઠશાળાનો યુનિવર્સિટીના કાર્યોનો ખ્યાલ આપતું ભાવવાહી ઉદબોધન કર્યું હતું. અંતમા કાર્યક્રમના સંયોજક નીતા બ્રહ્મભટ્ટે આમંત્રિત માતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

# ગુજરાતમાં મેડીકલ મેરીટ લિસ્ટમાં યશ શાહ પ્રથમ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સુમંતભાઈ એમ. શાહના પૌત્ર ચી. યશ રાકેશકુમાર શાહે સમગ્ર ગુજરાતમાં મેડીકલ મેરીટ લીસ્ટમાં ૯૬.૭૮ ટકા સાથે પ્રથમ સ્થાન મેળવી ગૌરવપાત્ર સિધ્ધિ હાસંલ કરી છે. ચી. યશે ઉચ્ચતર માધ્યમિક પરીક્ષામાં ૯૯.૯૯ પર્સન્ટાઈલ રેન્ક વિજ્ઞાન થિયરીમાં મેળવેલ છે. જયારે તેમના બીજા પૌત્ર ચી. દીપ સંજયકુમાર શાહે ઉચ્ચતર માધ્યમિક પરીક્ષામાં ૯૬.૪૭ પર્સન્ટાઈલ રેંક વિજ્ઞાન થીયરીમાં મેળવેલ છે.

ચી. યશ ગોધરાના સુપ્રસિધ્ધ ઓર્થોપેડિક સર્જન ડો. રાકેશકુમાર એસ. શાહના સુપુત્ર છે જયારે ચી. દીપ આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજ પિલવાઈના પ્રિન્સીપાલ ડો. સંજ્યકુમાર એસ. શાહના સુપુત્ર છે.

ચી. યશ અને ચી. દીપ કુશાગ્ર બુદ્ધિશકિત ધરાવે છે. તેઓએ નિયમિત નવ દસ કલાક વાંચન અભ્યાસ કર્યો હતો. ધો-૧૦ એ.એસ.સી.માં પણ આ બંને વિદ્યાર્થીઓએ ૯૨ ટકા ઉપરાંત ગુણ મેળવેલ હતા. આ બંને હોનહાર વિદ્યાર્થીઓ ભવિષ્યમાં યશસ્વી ડોકટર થાય તેવી શુભેચ્છાઓ સ્વજનોએ આપી છે.

## માણેકબા વિનય વિહાર શિક્ષણ સંકુલમાં ઈનામ વિતરણ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામે આવેલી શ્રીમતી માણેકબા વિનય વિહાર શિક્ષણ સંકુલમાં ૮મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો પારિતોષિક વિતરણ કાર્યક્રમ તથા નિવૃત્ત કાર્યકરોનો સન્માન સમારંભ યોજાશે.

માણેકબા વિનય વિહારના નિયામક લલિતભાઈ નાકરાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પંડિતજી પારિતોષિક વિતરણ સમારંભ ૨૦૧૩ની ૮મી ઓગષ્ટે માણેકબા વ્યાયામ વિદ્યાભવનનાં હોલમાં વિનય વિહારની બધી સંસ્થાઓના તેજસ્વી તારલાઓને નિવૃત્ત કર્મચારીઓ અને ભૂતપૂર્વ અગ્રણી વિદ્યાર્થીઓ માટે યોજાશે. સમારંભના અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજયના પૂર્વ ચીફ સેક્રેટરી પી.કે. લહેરી અને અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જહા ખાસ ઉપસ્થિત રહેશે.

## કડી બી.એડ. કોલેજમાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૬

ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા તાજેતરમાં કોલેજના તાલીમાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાય તે હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ અને કડી બી.એડ. કોલેજોના એસ.ઓ.ડી., અધ્યાપકો તેમજ તાલીમાર્થીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## આદર્શ નિવાસી શાળાના જુડોમાં વિજય ધલવાણિયા પ્રથમ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત જુડો-૧૭ વર્ષની નીચેની વયની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આદર્શ નિવાસી શાળા નાંદોલના સ્પર્ધક ધલવાણિયા વિજય પી. ૪૫ કિ. ગ્રામ વજન જુથમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. જે આગામી રાજયકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી ભાગ લેશે.

# ... અને મધ્ય રાત્રીએ શ્રુતિએ ગગનભેદી ચીસ પાડી...બચાવો... બચાવો... મારો પતિ મને મારી નાખશે... અને પતિ શબ્દ શૂન્ય બની થરથર કાંપતો હતો...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

કહેવાય છે કે માનવીની હસ્તરેખામાં એની જિંદગીનો ઇતિહાસ લખાયેલો હોય છે, પણ કમનસીબી એ છે કે માનવી પોતે જ પોતાનો ઇતિહાસ વાંચી શકતો નથી, એને જયોતિષનો સહારો લેવો પડે છે. અને કોઇ પણ માનવીની હસ્તરેખાઓ કયારેક સમંતર હોતી નથી. હાથમાં આડી, ઊભી, ત્રાંસી, લીટીઓ કે ચોકડીના નિશાન હોવાના જ. મતલબ કે માનવી કયારે આડો, ઊભો, ત્રાંસો કે વાંકો થાય તે કહેવાય નહિ. માનવીને સમજવો બહુ અઘરો છે. સીધો અને સરળ લાગતો માનવી કયારે દગો જાય કે કાયમ આડો ચાલતો માનવી કયારે સીધુ કામ કરી નાખે તે કહેવાય નહિ. સમય બદલાય તેમ, માણસ પણ બદલાય છે. માણસ તો ઠીક પણ માણસનો પછડાયો પણ સવાર, બપોર અને સાંજ બદલાતો રહે છે. માનવ એક જીવંત ઉખાણુ છે જેને કયારેય કોઇ ઉકેલી શકતું નથી. ખુબ પ્રેમથી એકબીજાને પસંદ કરીને થયેલા પ્રેમલગ્નોમાં પણ વિચ્છેદ થતાં એકબીજા વિરૂદ્ધ કોર્ટમાં કરાતા આક્ષેપો એટલા નિમ્ન કક્ષાના હોય છે કે કલ્પી જ ન શકાય કે આ વ્યક્તિઓએ ભૂતકાળમાં પ્રેમ કર્યો હશે.

સમાજ એક મહાગ્રંથ છે તેના એક એક પાના પર એક એક જીવંત કથાઓ છુપાયેલી હોય છે. આ કથાઓમાં કયારેક કરૂણરસ, કયારેક હાસ્યરસ, કયારેક શૃંગારરસ કે કયારેક વીરરસ પણ જોવા મળે છે. આજની કથા એક પ્રેમકથા છે... જીવંત કથા... એમાં શૃંગાર રસ છે, વીરરસ છે, અને વચનબદ્ધતા પણ છે છતાં એને પ્રેમકથા કહેવાય કે કેમ તે એક વિચારણા માગી લે તેવો કાયડો છે.

કોલેજમાં સાથે ભણતા શ્રુતિ અને શ્રવણ એકબીજાને દિલ દઇ બેઠા. બંનેએ એકબીજાને પ્રપોઝ કર્યું... મન મળ્યા, તન મળ્યા અને એકબીજાને વચન આપી બેઠા કે ચાહે આખી દુનિયા સાથે લડવું પડે પણ એકબીજાનો સાથ કદી નહી છોડીએ... સાથ જીયેંગે... સાથ... એમ કરતાં બંનેનો કોલેજકાળ પુરો થયો. શ્રવણે એમબીએ કરી કોઇ સારી કંપનીમાં જોબ મેળવી લીધી. શ્રુતિ અને શ્રવણ બંને અલગ થયા છતાં હજુ ફોન પર પ્રેમાલાપ ચાલુ હતો. બંને વચનના પાકા હતા. એકબીજાનો સાથ નિભાવવાનું વચન દરરોજ રિપીટ થતું. સમય વિતતો ગયો અને એક દિવસ સમાજનો એક સુંદર યુવક શ્રુતિને જોવા આવ્યો. શ્રુતિ જોતાં જ ગમી ગઈ અને આમેય શ્રુતિ કોઈને પણ ગમી જાય તેવી સ્માર્ટ તો હતી જ. શ્રુતિ પણ મુકેશને જોતાં જ જાણે પાગલ બની. એણે મુકેશ સાથેનાં સંબંધમાં સંમતિ આપી. શ્રુતિના પિતાનો બોજ હળવો થયો. આવો સમૃદ્ધ અને ખાનદાની પરિવાર ગુમાવવો પાલવે તેમ ન હતો, ખુબ નજીકના ભવિષ્યમાં શ્રુતિના હાથ પીળા કરવાનો મનોમન નિર્ણય કરી તેમણે લગ્નની તૈયારી કરવા માંડી. મનગમતા દાગીના અને લેટેસ્ટ ડીઝાઇનના ડ્રેસ શ્રુતિએ જાતે પસંદ કર્યા... અને શ્રવણને આ વાતની ખબર પડતાં તેણે શ્રુતિનો મોબાઇલ સંપર્ક કર્યો. શ્રુતિએ હૈયાધારણ આપતાં કહ્યું, 'હા, હું લગ્ન તો કરવાની છું, પણ મારૂં વચન અફર છે, જિંદગીભર સાથ નીભાવવાનો કોલમાંથી હું પાછી પાની નહિ કરૂં' અને તેણે સ્વીચ ઓફ કરી દીધી. શ્રુતિ હવે લગ્નની તૈયારીમાં મશગૂલ હતી તે ભાવિ ભરથારની સમૃદ્ધિથી અંજાઇ ગઇ હતી. ભવિષ્યની કલ્પનાઓ કરી મનમાં ને મનમાં હરખાતી શ્રુતિની બોડી લેંગ્વેજ જોઇ પિતાને પણ સંતોષ થયો કે મારી દીકરીને મનગમતો પતિ મળી ગયો છે. પરિવારનો મોભો જળવાય તેવી રીતે દીકરીના લગ્ન કરવા છે. લગ્નનો દિવસ નક્કી થયો. લગ્નના દિવસની આગલી રાત્રે જ શ્રવણનો ફોન આવ્યો. 'શ્રુતિ, કાલે તું પારકી બની જઇશ. મારા પ્રેમનો દીપ શું બુઝાઇ જશે?' અને શ્રુતિએ મક્કમ સ્વરે કહ્યું, શ્રવણ, હું તારો જીવનભર સાથ નિભાવીશ... આઇ લવ... યુ...અને શ્રુતિએ તરત સ્વીચ ઓફ કરી દીધી. શ્રવણે નિસાસો નાખ્યો, શ્રુતિ મારી સાથે રમત રમે છે. તે આખી રાત શ્રવણની આંખોમાં આંસુની અતિવૃષ્ટિ થઈ. જાણે આંખોનું આકાશ ફાટયું. શ્રુતિએ આવું કેમ કર્યું હશે? આખી રાત રડી રડીને શ્રવણ ખાલી થયો... સાવ ખાલી.. હૃદય શૂન્ય.. ફરી વહેલી સવારે શ્રવણનો મોબાઈલ રણક્યો.. ધડકતા હૈયે તેણે મોબાઈલ રીસીવ કર્યો. શ્રુતિનો ફોન હતો.. તેણે 'આઈ લવ યુ' કહ્યું અને પાછું ફરી યાદ દેવડાવ્યું, શ્રવણ, આપણો સાથ જીવનભરનો રહેશે... અને તરત સ્વીચ ઓફ.. શ્રવણ ગુસ્સે થયો. શ્રુતિ મારી મઝાક કરે છે. તેને ચીસ પાડવાનું મન થયું...વિશ્વાસઘાત.. બેવફાઈ.. દગો..

શ્રુતિ અને મુકેશના ધામધુમથી લગ્ન થયા. બંને જાણે એકમેક માટે સર્જાયા હોય તેવી સુંદર જોડી, સારસ બેલડી જેવા લાગી રહ્યા હતા. લગ્ન બાદ બંને હનિમુન માટે સીમલા ગયા. દંપતિએ દામ્પત્યજીવનને ભરપુર રીતે માણી લીધું. મુકેશને થયું આવી સુંદર પત્નિ મેળવી મારું જીવન ધન્ય બની ગયું. મારી સમૃદ્ધિમાં એક પીંછુ ઉમેરાયું. હવે બસ, મન ભરીને જિંદગી માણવી છે. સમય વિતતો ગયો.. એક..બે.. ત્રણ મહિના થયા અને એક રાત્રે આખો પરિવાર ગાઢ નીંદરમાં સુતો હતો અને મધ્યરાત્રિએ શ્રુતિએ ગગનભેદી ચીસ પાડી.. બચાવો.. બચાવો મારો પતિ મારુ ગળું દબાવી મને મારી નાખવા માગે છે. રાત્રિની નીરવ શાંતિને ભેદતી આ ચીસ સાંભળી આખી સોસાયટીના ઘરોમાં ફટાફટ લાઈટો થઈ ગઈ. સૌ બહાર દોડી આવ્યા. સૌને કુતુહલતા હતી. શું થયું? શું થયું? અને શ્રુતિ હિબકે ચઢી હતી. મારા પતિએ મારું ગળુ દબાવ્યું... મને મારી નાખવાની કોશિશ કરી.. ટોળામાં સૌ કોઈ મુકેશને ફિટકારવા લાગ્યા. કોઈએ કહ્યું મુકેશ જેવા સીધા માણસે આવુ કેમ કર્યું? પણ મુકેશ દિગમૂઢ બની સુનમૂન થઈ ફાટી આંખે આ તમાશો જોઈ રહ્યો હતો. તેની જબાન સીવાઈ ગઈ હતી અને તે પાંદડાની જેમ થર થર ધ્રુજી રહ્યો હતો. અને શ્રુતિએ મોબાઈલ પર એક નંબર લગાડ્યો.. અને ૧૦ જ મિનિટમાં ૧૦૮ની વાને રાતના અંધકારને ચીરતી સાયરન વગાડી સોસાયટીમાં પ્રવેશ કર્યો. શ્રુતિએ પતિ પર અને સાસરીપક્ષના અન્ય કેસ કર્યો... જાનથી મારી નાખવાનો પ્રયાસ, અને દહેજ ધારાની કલમો લગાડી. આખો પરિવાર પારેવાની જેમ ફફડતો હતો. સૌ કોઈ હતપ્રભ હતું. મુકેશ પરિવાર સમક્ષ રડી પડ્યો. મેં શ્રુતિને કંઈ જ કર્યું નથી. આ બધી બનાવટ છે.. પણ કેસ થઈ ચૂક્યો હતો. હવે પુત્રવધુને કેમ કરીને સમજાવવી? સૌએ શ્રુતિને સમજવા પ્રયત્ન કર્યો, પણ જમાનાની ખાધેલી શ્રુતિ કોઈને દાદ દેતી ન હતી. ડિવોર્સ જોઈએ.. સમજાવટના બધા પ્રયત્નો નિષ્ફળ જતાં અંતે શ્રુતિને છુટાછેડા આપવાનું નક્કી થયું. પણ ત્યાં શ્રુતિએ બીજો ધડાકો કર્યો. ડિવોર્સ માટે તમારે રૂા. ૧૫ લાખ આપવા પડશે. સગા, સંબંધી, સમાજની સમજાવટથી અંતે રૂા. ૧૦ લાખ આપવાનું નક્કી થયું. પણ.. મુકેશને હજુ સમજાતું નહતું કે શ્રુતિને આવું કરવાનું કારણ શું? અને અંતે બંનેના છુટાછેડા થયા. લગ્નજીવનના ત્રણ જ મહિનામાં લગ્ન વિચ્છેદ.. અને તે પણ કોઈ દેખીતા કારણ વિના.. મુકેશના પરિવારને વેદના પણ થઈ અને હાશકારો પણ...

અને દસ જ દિવસ બાદ એક અજબ ઘટના બની શ્રુતિ એના પ્રેમી શ્રવણ સાથે ભાગી ગઈ.. પણ રૂા ૧૦ લાખનો વેપાર કરતી ગઈ...

(સત્યઘટના પર આધારિત)